**જિલ્લા સંકલનમાં ધારાસભ્ય મનુ પટેલની માંગણી**

# પાંડેસરાની મિલોનું કેમિકલવાળું પાણી ખાડીમાં છોડવાનું બંધ કરો

**સંકલન** બેઠકમાં જમીન, દબાણ, પૂર સહાય, પ્રદૂષણ, ગેસ, વીજળી અને પાણી સહિતના અનેક મુદ્દા પર ચર્ચા

**પાલી**-સચિન-કનસાડમાં આવેલી જમીન ઉપર રેલવેના કબજા મામલે તપાસના આદેશ

સુરતઃ જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને શનિવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના જનપ્રતિનિધિઓએ પોતાના વિસ્તારના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. બેઠક દરમિયાન વિવિધ ધારાસભ્યો દ્વારા જમીન વિવાદ, ગેરકાયદે દબાણો, પૂર સહાય, પ્રદૂષણ, પાણી, વીજળી, પ્રોપર્ટી કાર્ડ, ગેસ કનેક્શન સહિતના અનેક મહત્વના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા અને સંબંધિત અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

ધારાસભ્ય મનુભાઈ પટેલે પાંડેસરા GIDCમાંથી ભેદવાડ ખાડીમાં છોડાતા કેમિકલયુક્ત પાણીનો મુદ્દો ઉઠાવી તાત્કાલિક અસરથી પ્રદૂષણ રોકવાની માંગ કરી હતી. ઉપરાંત ઉધના વિસ્તારમાં પૂરગ્રસ્ત એવા નાગરિકો કે જેમની પાસે પૂરતા દસ્તાવેજો ઉપલબ્ધ નથી તેમને પણ યોગ્ય રીતે સહાય મળી રહે તેવી વ્યવસ્થા કરવા રજૂઆત કરી હતી. ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ પાલી-સચિન-કનસાડ વિસ્તારમાં ફાઈનલ પ્લોટમાં રેલવે વિભાગે કરેલા કબજા અને તેના કાયદાકીય આધાર અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. કલેક્ટરે સમગ્ર મામલે જરૂરી તપાસ કરાવવા સૂચના આપી હતી.

ઉપરાંત ગભેણીથી બુડીયા રોડ નજીક જમીનોમાં સિન્થેટિક વેસ્ટનો ગેરકાયદે સંગ્રહ કરી તેને સળગાવવામાં આવતો હોવાના મુદ્દે કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવા પણ જણાવ્યું હતું. ભીમરાડ ગામને રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું હોવાથી ત્યાં થયેલા બિનઅધિકૃત દબાણો તાત્કાલિક દૂર કરવા મામલતદારને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

પ્રોપર્ટી કાર્ડની કામગીરી અંગે કલેક્ટરે જણાવ્યું કે સુરત શહેર અને જિલ્લાના તમામ તાલુકાઓમાં ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ (ILR)ની નિમણૂક થઈ ગઈ હોવાથી આગામી સમયમાં પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી વધુ ઝડપથી પૂર્ણ થશે.

**જનમન યોજનાનો પ્રશ્ન ઉઠાવતા ગણપત વસાવા**

ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ ઉમરપાડા અને માંગરોળ તાલુકાના ગામોમાં પી.એમ. જનમન યોજના હેઠળ આદિમજૂથના સર્વે અને પ્લોટ ફાળવણી અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. સંબંધિત અધિકારીએ જણાવ્યું કે બંને તાલુકાના ૨૩ ગામોમાં સર્વે પૂર્ણ થઇ ગયો છે અને પ્લોટ ફાળવણીની પ્રક્રિયા પ્રગતિમાં છે. તેમણે તરસાડી નગરપાલિકાના ટર્નિંગ પોઇન્ટથી ઝંડા ચોક સુધી થયેલા દબાણો દૂર કરવા તેમજ પાલોદ ગ્રામ પંચાયતની માપણી બાદ પણ માપણી શીટ આપવામાં ન આવતી હોવાની રજૂઆત કરી હતી. કલેક્ટરે બંને મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

**બારડોલીની ખાડીના દબાણ દૂર કરો : ઈશ્વર પરમાર**

ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે બારડોલી નગરપાલિકા વિસ્તારમાંથી પસાર થતી કુદરતી ખાડીઓ અને કોતરોની જમીન અંગે સ્પષ્ટતા કરવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યું કે કેટલાક ખેડૂતો અને બિલ્ડરો ખાડીની જમીન પર માલિકી હક જતાવી રહ્યા છે અને નિયમોનું પાલન કર્યા વિના બાંધકામ કરી રહ્યા છે. તેમણે એમ.એન. પાર્ક, ડી.એમ. નગર તથા ધામડોદ લુંભાની શિવશક્તિ સોસાયટીમાં છેલ્લા ચાર વર્ષથી વરસાદી પાણી ભરાવાની સમસ્યા તેમજ ખાડીઓ પર થયેલા દબાણો દૂર કરી ડિમાર્કેશન કરવાની માંગ કરી હતી. કલેક્ટરે જણાવ્યું કે આ પ્રશ્ન લાંબા સમયથી પેન્ડિંગ હોવાથી તેને પ્રાથમિકતા આપીને તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. સાથે જ બારડોલી વિસ્તારમાં ગુજરાત ગેસ કંપની દ્વારા આપવામાં આવેલા PNG ગેસ કનેક્શન અને વસૂલવામાં આવેલી ફીની વિગતો લેખિતમાં ઉપલબ્ધ કરાવવા ગુજરાત ગેસના અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

**કેનાલ સંચાલનમાં બેદરકાર અધિકારી સામે પગલાં લો : મુકેશ પટેલ**

ધારાસભ્ય મુકેશભાઈ પટેલે કુદીયાણા માઇનોર કેનાલ ઉભરાતા ખેડૂતોના પાકને થયેલા નુકસાન અને કેનાલ સંચાલનમાં બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ઉપરાંત ઓલપાડ તાલુકાના કેટલાક ગામોમાં અંડરગ્રાઉન્ડ સંપ તૈયાર હોવા છતાં પીવાના પાણીના કનેક્શન આપવામાં ન આવતા હોવાની રજૂઆત કરી હતી. કલેક્ટરે વાસ્મોના અધિકારીઓને સ્થળ મુલાકાત લઈ ઝડપથી પાણીના કનેક્શન આપવાની સૂચના આપી હતી.

# 11 વર્ષથી ITR ફોર્મ મોડા કરવાનો CBDTનો રેકોર્ડ

**હાઈકોર્ટે** દર વર્ષે 1લી એપ્રિલ સુધીમાં તમામ યુટિલિટી બહાર પાડવા આદેશ કર્યો છે, તેનું પાલન થતું નથી

સુરતઃ આવકવેરા રિટર્ન ફોર્મ અને ફાઈલિંગ યુટિલિટી સમયસર ઉપલબ્ધ ન કરાવીને કરદાતાઓનો સમય વેડફવા બદલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન સુરત દ્વારા ઈન્કમટેક્સ વિભાગ વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં કાનૂની મોરચો માંડવામાં આવ્યો છે. વર્ષ 2015માં હાઈકોર્ટે દર વર્ષે 1લી એપ્રિલ સુધીમાં તમામ યુટિલિટી બહાર પાડવા આદેશ કર્યો હતો, પરંતુ સીબીડીટીએ છેલ્લા 11 વર્ષમાં એક પણ વાર આ નિર્દેશનું પાલન કર્યું નથી.

ચાલુ આકારણી વર્ષ 2026-27માં પણ ભારે વિલંબ જોવા મળ્યો છે. નિયમ મુજબ કરદાતાઓને 122 દિવસ મળવા જોઈએ, પરંતુ મોડા ટેસ્ટિંગના બહાના હેઠળ ITR-1થી ITR-7 ફોર્મ 45થી 100 દિવસ સુધી મોડા જાહેર કરાયાં, જ્યારે કંપનીઓ માટેનું ITR-6 તો 104 દિવસ પછી પણ ઉપલબ્ધ થયું નથી. વળી, 30 જૂન પહેલાંની તમામ યુટિલિટી ખામીયુક્ત હોવાથી તેમાં સુધારા કરવા પડ્યા હતા, પરિણામે કરદાતાઓને કામ કરવા માટે સ્થિર સોફ્ટવેર માત્ર 31 દિવસ જ મળી શક્યું છે.વિભાગના પોતાના આંકડા અનુસાર, સપ્ટેમ્બર 2025માં નિયત તારીખે મધરાત બાદ સતત 3 કલાક સુધી ભરાયેલા રિટર્નની સંખ્યા 'શૂન્ય' થઈ ગઈ હતી, જે પોર્ટલ ક્રેશ થયાની સાબિતી છે. પોર્ટલ ઠપ હોવાના કારણે અનેક કરદાતાઓ ટેક્સ ન ભરી શકતા આજે પણ વ્યાજનો બોજો ભોગવી રહ્યા છે.

CAASએ માંગ કરી છે કે દર વર્ષે મુદ્દત લંબાવવાના બદલે એક કાયમી અને સ્વચાલિત વ્યવસ્થા બને, જેમાં વિભાગ દ્વારા યુટિલિટી બહાર પાડવામાં જેટલા દિવસનો વિલંબ થાય, રિટર્ન ભરવાની છેલ્લી તારીખ પણ આપોઆપ એટલા જ દિવસ આગળ લંબાઈ જવી જોઈએ.

# ગણદેવીની સગીર બહેન સગા ભાઈના બાળકની માતા બનશે

**હાઈકોર્ટે** ૩૪ અઠવાડિયાનો ગર્ભ હોવાથી ગર્ભપાતની અરજી ફગાવી

અમદાવાદ, બીલીમોરા : ગણદેવી તાલુકામાં માનવતાને શર્મસાર કરતી વધુ એક ધૃણાસ્પદ ઘટના સામે આવી છે. થોડા સમય પહેલાં પિતા દ્વારા સગી દીકરી પર દુષ્કર્મના કિસ્સાની શાહી હજી સુકાઈ નથી, ત્યાં એક સગા મોટા ભાઈએ પોતાની જ ૧૭ વર્ષીય સગીર બહેન પર દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી બનાવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે નરાધમ ભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી તેને જેલ ભેગો કર્યો છે, જ્યારે ગુજરાત હાઈકોર્ટે સગીરાના સ્વાસ્થ્યને ધ્યાને રાખી ગર્ભપાતની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

મળતી માહિતી મુજબ, ગણદેવી તાલુકાના એક ઈંટના ભઠ્ઠા પર મજૂરી કામ કરતા પરિવારની ૧૭ વર્ષીય સગીરાને તેનો સગો ભાઈ હવસનો શિકાર બનાવતો હતો.

આ ઘટનાથી અજાણ સગીરા જ્યારે તેની મોટી બહેન સાથે ભાણેજને પોલિયોની રસી પીવડાવવા ગઈ, ત્યારે ત્યાં હાજર સ્વાસ્થ્ય કાર્યકરને સગીરાના શારીરિક ફેરફારો જોઈ શંકા ગઈ હતી.

ત્યારબાદ પ્રેગ્નન્સી ટેસ્ટ અને સોનોગ્રાફી કરાવતા સગીરાને ૭ મહિનાથી વધુનો (૩૪ અઠવાડિયાનો) ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું. તબીબોએ આ અંગે પોલીસને જાણ કરતા, સગીરાના માતા-પિતાની ફરિયાદના આધારે પોલીસે નરાધમ ભાઈ વિરૂદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે.

પીડિત સગીરા અને તેના પરિવારે ગર્ભપાતની મંજૂરી મેળવવા ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. કોર્ટના આદેશથી સુરત સિવિલ હોસ્પિટલની મેડિકલ ટીમે તપાસ કરી અહેવાલ આપ્યો હતો કે, ગર્ભ ૩૪ અઠવાડિયાનો હોવાથી અત્યંત વિકસિત છે અને આ તબક્કે ગર્ભપાત કરાવવો સગીરાના જીવ માટે જોખમી સાબિત થઈ શકે છે.

**પ્રસૂતિ અને બાળકનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે**

હાઈકોર્ટે સગીરાના હિતમાં એક મહત્વપૂર્ણ આદેશ આપતા જણાવ્યું છે કે, પ્રસૂતિ ન થાય ત્યાં સુધી સગીરાની સુરક્ષા અને ત્યારબાદ જન્મનારા નવજાત બાળકના ઉછેર તથા સારવારનો તમામ તબીબી ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. આ સાથે જ તબીબી નિષ્ણાતો દ્વારા નિયમિતપણે સગીરા અને બાળકના હેલ્થ ચેક-અપની વ્યવસ્થા કરવા માટે પણ તંત્રને આદેશ કરવામાં આવ્યો છે.

# પૂરગ્રસ્ત જિલ્લાના વેપારીઓની સહાય ઓનલાઈન પોર્ટલ શરૂ

**રોકડ** સહાય માટે 30 સપ્ટેમ્બર અને વ્યાજ સહાય માટે 14 જાન્યુઆરી-2027 સુધી સમયમર્યાદા

સુરતઃ સુરત જિલ્લામાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ અને પૂરથી વેપાર, વાણિજ્ય તેમજ સેવાકીય ક્ષેત્રને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે જાહેર કરેલા આર્થિક અને પુનઃ વસન સહાય પેકેજના અમલીકરણ માટે જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકા દ્વારા 'સુરત જિલ્લા રાહત પેકેજ' (સુરત ડિસ્ટ્રિક્ટ રિલીફ પેકેજ) નામનું વિશેષ ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે તા.15 જુલાઈ, 2026ના રોજ જાહેર કરેલા રાહત પેકેજ હેઠળ લારી, રેંકડી, કેબિન તેમજ નાની-મોટી દુકાનો સહિત કુલ સાત પ્રકારના વ્યવસાયોને સહાયનો લાભ આપવામાં આવશે. કેટેગરી-1થી 4 હેઠળ ઉચ્ચક રોકડ સહાય અને કેટેગરી-5થી 7 હેઠળ વ્યાજ સહાયની જોગવાઈ કરવામાં આવી છે. આ બંને પ્રકારની સહાય માટે અરજદારો હવે ઓનલાઈન અરજી કરી શકશે. આ પોર્ટલની લિંક સુરત કલેક્ટર કચેરીની વેબસાઈટ, સુરત જિલ્લા વહીવટી તંત્રની વેબસાઈટ તેમજ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પોપ-અપ તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

અરજદારે પોતાના મોબાઈલ નંબર દ્વારા લોગિન કરી નામ, સરનામું, વ્યવસાયના સ્થળની વિગતો, વ્યવસાયનો પ્રકાર, થયેલા નુકસાનની માહિતી તેમજ બેંક ખાતાની વિગતો ઓનલાઈન ભરવાની રહેશે. પોર્ટલની વિશેષતા એ છે કે અરજદાર ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં વિગતો દાખલ કરશે તો તે આપમેળે ગુજરાતીમાં રૂપાંતરિત થઈ જશે. અરજી સબમિટ થયા બાદ તેની PDF પણ જનરેટ થશે, જેને ડાઉનલોડ કરી શકાશે.

**અરજી મળ્યા બાદ સર્વેયર ચકાસણી કરવા આવશે**

કલેક્ટર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ કેટેગરી-1થી 4 હેઠળની ઉચ્ચક રોકડ સહાય માટે અરજી કરવાની અંતિમ તારીખ 30 સપ્ટેમ્બર, 2026 નક્કી કરવામાં આવી છે. જ્યારે કેટેગરી-5થી 7 હેઠળની વ્યાજ સહાય માટે ઠરાવની તારીખથી છ મહિનાની અંદર, એટલે કે 15 જુલાઈ, 2026થી 14 જાન્યુઆરી, 2027 સુધી અરજી કરી શકાશે.

# માતા હોવા છતાં બાળકે ચિલ્ડ્રન હોમમાં રહેવું પડયું

**પહેલા** પતિના બાળકને બીજો પતિ રાખવા માંગતો નહીં હોવાથી તરછોડી દેવાયું હતું

**દંપતીએ** જ્યારે પોલીસ ફરિયાદ કરી ત્યારે તપાસમાં સમગ્ર હકીકતનો પર્દાફાશ થયો

સુરતઃ બીજો પતિ પહેલા પતિનું બાળક રાખવા માંગતો નહીં હોવાથી તેને સાત મહિના પહેલા જગદીશનગર ચોપાટીમાં તરછોડી દેવામાં આવ્યું હતું.

જેથી તેને બાળાશ્રમમાં રાખવુંપડયું હતું. વરાછાના જગદીશનગર શેરી નંબર-૩માં રહેતો રવિ દ્વારકાપ્રસાદ જાટવ (ઉ.વ. ૩૦) તેની પત્ની દુર્ગાદેવી સાથે વરાછા પોલીસ સ્ટેશનમાં જઈને ફરિયાદ કરી હતી કે, તેમનો ૫ વર્ષનો દીકરો અમન ગત તા. ૧૬/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ઘરેથી રમતા રમતા ગુમ થઈ ગયો છે. જેથી પોલીસે જગદીશનગર વિસ્તારના ૨૫ જેટલા સી.સી.ટી.વી. કેમેરા તપાસ્યા હતા, પરંતુ ફરિયાદીના રૂટ પર આવો કોઈ બનાવ બન્યો હોવાનું કેમેરામાં દેખાયું નહોતું. જેથી પોલીસ આકરી પૂછપરછ કરતાં દુર્ગાદેવીએ કબૂલાત કરી હતી કે ગુમ થયેલો માસૂમ અમન તેના પ્રથમ પતિ રાજકુમાર ધનવાનો પુત્ર હતો જેને દંપતિ સાથે રાખવા માંગતુ ન હતું. જેથી ગઇ તારીખ ૦૧/૧૨/૨૦૨૫ના રોજ સાંજે જ અમનને વરાછા જગદીશનગર ચોપાટીમાં જઇ તરછોડી દીધો હતો. જો કે, તાજેતરમાં કેટલાક સંબંધીઓ અમન વિશે પૂછપરછ કરી રહ્યા હોવાથી વરાછા પોલીસ સ્ટેશનમાં ખોટી ફરિયાદ નોંધાવી હતી.

રેકોર્ડ વેરિફિકેશન દરમિયાન જાણવા મળ્યું હતું કે, બાળક હાલ વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કેર, કતારગામ ખાતે છે.

# સુરત જિલ્લામાં સરકારી શાળાઓમાં SMCની પુનઃરચના

**શાળા** વ્યવસ્થાપન સમિતિની નવી રચના માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો આદેશ, 10 દિવસમાં અહેવાલ મોકલવા સૂચના

સુરતઃ બાળકોને ગુણવત્તાયુક્ત, પારદર્શક અને જવાબદારીપૂર્ણ શાળા વહીવટ ઉપલબ્ધ કરાવવા સુરત જિલ્લામાં ધોરણ 12 સુધીની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએમસી) ની પુનઃરચના હાથ ધરવામાં આવશે.

રાજ્ય પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા ગાંધીનગરના તા. 22 જૂન, 2026ના પત્રના અનુસંધાને આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 ની કલમ-21 હેઠળ દરેક શાળામાં ભાગીદારીપૂર્ણ અને જવાબદારીપૂર્ણ શાળા વહીવટ સુનિશ્ચિત કરવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી મળેલી માર્ગદર્શિકા મુજબ આગામી શૈક્ષણિક સત્રથી ધોરણ-12 સુધીની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં નવી SMCની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમિતિમાં વાલીઓની સક્રિય ભાગીદારી દ્વારા શાળાના વિકાસ, શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓની હાજરી, શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ શાળાના વહીવટી કાર્યોમાં સહભાગિતા સુનિશ્ચિત કરવામાં આવશે. જિલ્લા શિક્ષણ તંત્રે આપેલી સૂચનાઓ અનુસાર, દરેક સી.આર.સી. કો-ઓર્ડિનેટરે પોતાના કાર્યક્ષેત્રની તમામ શાળાઓમાં નિયમો મુજબ SMCની પુનઃરચના પૂર્ણ થયાની ખાતરી કરીને તેનું પ્રમાણપત્ર સંબંધિત બી.આર.સી. કો-ઓર્ડિનેટરને મોકલવાનું રહેશે. ત્યારબાદ બી.આર.સી. કો-ઓર્ડિનેટરે પોતાના તાલુકાની તમામ સરકારી શાળાઓમાં SMCની પુનઃરચના પૂર્ણ થયાનું સંયુક્ત પ્રમાણપત્ર પોતાની સહી સાથે જિલ્લા પ્રોજેક્ટ કચેરીને મોકલવાનું રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તમામ તાલુકાઓને આ સમગ્ર કામગીરી 10 દિવસની અંદર પૂર્ણ કરીને જરૂરી પ્રમાણપત્ર અને અહેવાલ જિલ્લા કચેરીમાં રજૂ કરવા સૂચના આપી છે.

## સુરત શહેર-જિલ્લામાં છૂટાછવાયાં વરસાદી ઝાપટાં

સુરતઃ દક્ષિણ ગુજરાત સહિત સુરત શહેર અને જિલ્લામાં આગામી 21 જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી સક્રિય બનેલી વરસાદી સિસ્ટમના કારણે જિલ્લામાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ યથાવત રહેતાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગઈકાલે સુરત શહેરમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. જ્યારે આજે સવારે શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. દિવસ દરમિયાન સુરત શહેરમાં ભારે વરસાદ નોંધાયો નહોતો, પરંતુ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જિલ્લા વરસાદના આંકડા મુજબ ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ 8 મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ઓલપાડ અને માંડવીમાં 6-6 મિ.મી., ચોર્યાસીમાં 5 મિ.મી., મહુવામાં 5 મિ.મી., અંબિકામાં 3 મિ.મી., બારડોલીમાં 2 મિ.મી. અને સુરત શહેર વિસ્તારમાં 1 મિ.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લાના અન્ય તાલુકાઓમાં વરસાદ નોંધાયો નહોતો અને તે વિસ્તારો કોરાકટ રહ્યા હતા.

# સોશિયલ મીડિયા માટે લૉના વિદ્યાર્થીને નિયમો લાગશે

**VNSGU** સંલગ્ન લૉ કોલેજોમાં BCIની ગાઇડલાઇનનો અમલ શરૂ

સુરત : વકીલાતના વ્યવસાયમાં ડિજિટલ જવાબદારી અને વ્યાવસાયિક નૈતિકતા સુનિશ્ચિત કરવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા જાહેર કરાયેલી સોશિયલ મીડિયા અને ડિજિટલ એથિક્સ સંબંધિત ગાઈડલાઈનનો અમલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) સંલગ્ન તમામ લૉ કોલેજોમાં શરૂ કરવામાં આવ્યો છે. નવા નિયમો મુજબ LLB અને LLMના વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા પરના વર્તન અંગે કડક આચારસંહિતા લાગુ રહેશે.

ગાઈડલાઈન મુજબ વિદ્યાર્થીઓ AIથી તૈયાર કરાયેલા ભ્રામક ફોટા-વિડીયો, ડીપફેક કન્ટેન્ટ, કોર્ટ કાર્યવાહી સંબંધિત વિડીયો કે રીલ્સ તેમજ ક્લાયન્ટ, કેસ અને ચેમ્બર સંબંધિત ગોપનીય માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી શકશે નહીં. ભ્રામક કાનૂની માહિતીનો પ્રસાર, વ્યાવસાયિક ઓળખનો દુરુપયોગ અને અનધિકૃત ડિજિટલ પ્રચાર પણ નિયમભંગ ગણાશે. VNSGUના કુલપતિ ડો. કે. એન. ચાવડાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં શરૂઆતથી જ વ્યાવસાયિક જવાબદારી વિકસે તે માટે એડમિશન સમયે તેમજ ઈન્ટર્નશિપ પહેલાં લેખિત અંડરટેકિંગ લેવામાં આવશે અને ડિજિટલ એથિક્સ અંગે વિશેષ ઓરિએન્ટેશન સત્રો યોજાશે. કુલસચિવ ડો. આર. સી. ગઢવીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટી સંલગ્ન તમામ લૉ કોલેજોને આ ગાઈડલાઈનનું અસરકારક અમલીકરણ કરવા સૂચના આપવામાં આવી છે. BCIના નિર્દેશ મુજબ લૉ કોલેજોએ ગાઈડલાઈનના અમલીકરણ માટે નોડલ ઓફિસર અથવા મોનિટરિંગ ગ્રુપની રચના કરવી પડશે

# HT લાઈનથી અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય વળતરની માંગ

**ટાવર** બેઝ માટે ચારગણું બજારભાવ, કોરિડોર માટે 50% વળતર સહિત 10 મુદ્દાની માંગ



સુરતઃ સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી પસાર થતી હાઈટેન્શન ટ્રાન્સમિશન ટાવર લાઈનોને કારણે અસરગ્રસ્ત બનેલા ખેડૂતોના પ્રશ્ને ખેડૂત સમાજ ગુજરાતના નેજા હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતો અને ખેડૂત આગેવાનોએ શનિવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ દરમિયાન રાજ્ય સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા જાહેર કરાયેલી ટ્રાન્સમિશન લાઈન અને ટાવરથી થતા નુકસાનના વળતર અંગેની માર્ગદર્શિકાની નકલનું પ્રતિકાત્મક રીતે દહન કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આવેદનમાં જણાવાયું હતું કે, સરકારની હાલની વળતર નીતિ ખેડૂતોનાં હિતોનું પૂરતું રક્ષણ કરતી નથી. ખેડૂત સમાજ ગુજરાતે સરકાર સમક્ષ 10 મહત્ત્વપૂર્ણ માંગણીઓ રજૂ કરી છે. તેમાં જમીન સંપાદન કાયદા-2013 મુજબ ટાવર બેઝ હેઠળ આવતી જમીન માટે બજાર કિંમતે ચારગણું વળતર, ટ્રાન્સમિશન લાઈનના કોરિડોર હેઠળની જમીન માટે ઓછામાં ઓછું 50 ટકા વળતર, પાકને થતા નુકસાન માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) આધારે વળતર તેમજ અસરગ્રસ્ત ખેડૂતોને દર મહિને રૂ.50 હજાર સુધીનું વળતર અથવા ભાડું ચૂકવવાની માંગનો સમાવેશ થાય છે.

ખેડૂત આગેવાનોએ સરકારને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ખેડૂતોની રજૂઆત અને માંગણીઓ અંગે અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી નવી ટાવર લાઈન અને સંબંધિત કામગીરી પર રોક લગાવવામાં આવે. જો ખેડૂતોની વાજબી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન સહિતના કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### ફટાકડા ફેક્ટ્રીમાં...

સામગ્રી સંગ્રહિત હોવાથી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. અંદર કામ કરી રહેલા અનેક મજૂરોને બહાર નીકળવાની તક પણ મળી ન હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની અનેક ટીમો, પોલીસ અને 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. યુદ્ધના ધોરણે હાથ ધરાયેલી બચાવ કામગીરી દરમિયાન ઈજાગ્રસ્તોને એલ.જી. હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ સહિતની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ એલ.જી. હોસ્પિટલમાં પાંચ અને સિવિલ હોસ્પિટલમાં ચાર ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ઘાયલોની સારવાર પણ ચાલુ છે.

ફાયર વિભાગના સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે આ ઘટનામાં બચાવ અને આગ બૂઝાવવાની કામગીરી માટે ફાયર વિભાગ દ્વારા 1 મિની ફાઈટર, 2 વોટર બાઉઝર (20 KL ક્ષમતાવાળા), 2 બોલેરો રેપિડ ઈન્ટરવેન્શન વ્હીકલ (RIV) તેમજ 1 એમ્બ્યુલન્સ સ્થળ પર તૈનાત કરવામાં આવી છે. હાલ આગ સંપૂર્ણપણે કાબૂમાં છે અને સ્થળ પર કૂલિંગની કામગીરી ચાલુ છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સામે આવ્યું નથી અને તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

### સ્મીમેરમાં હવેથી...

સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જેને સ્થાયી સમિતિએ મંજૂરી આપી છે. આ નિર્ણયથી સુરતના વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે.

સુરત મહાનગર પાલિકા દ્વારા વર્ષ 2001થી સ્મીમેર હોસ્પિટલનું સંચાલન કરવામાં આવે છે. શરૂઆતમાં એમબીબીએસની 100 બેઠકમાંથી 15 બેઠક એનઆરઆઈ ક્વોટા, 10 બેઠક મેનેજમેન્ટ ક્વોટા અને બાકીની 75 બેઠક સ્થાનિક વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવતી હતી. બાદમાં હોસ્પિટલના વિકાસ સાથે એમબીબીએસની બેઠકો વધીને 250 થઈ ગઈ હતી, પરંતુ લોકલ ક્વોટામાં કોઈ વધારો કરવામાં આવ્યો નહોતો. પરિણામે સુરતના અનેક વિદ્યાર્થીઓને લાખો રૂપિયાની ફી ચૂકવી અન્ય શહેરોની મેડિકલ કોલેજોમાં પ્રવેશ લેવા મજબૂર બનવું પડતું હતું.

આ મુદ્દે છેલ્લા કેટલાક સમયથી શહેરીજનોમાં પણ ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો.

સુરતીઓના ટેક્સના નાણાંથી ચાલતી હોસ્પિટલમાં સુરતના વિદ્યાર્થીઓને જ પૂરતો લાભ ન મળતો હોવાની ફરિયાદો સતત ઊઠી રહી હતી. બીજી તરફ છેલ્લા અઢી દાયકામાં શહેરની વસતી લગભગ બમણી થઈ ગઈ હોવા છતાં લોકલ ક્વોટો યથાવત રહેતાં સ્થાનિક વિદ્યાર્થીઓ માટે મેડિકલ શિક્ષણની તક મર્યાદિત બની ગઈ હતી. સ્મીમેરમાં લોકલ ક્વોટા માટે શહેરીજનોને થઈ રહેલા અન્યાય સામે 'ગુજરાતમિત્ર'એ ઝુંબેશ ઉપાડી હતી.

'ગુજરાતમિત્ર'ની આ ઝુંબેશની સાથે શહેરના પ્રખ્યાસ તબીબો, વાલીઓ, શહેરના ધારાશાસ્ત્રી, ઉદ્યોગકારો બધાએ એક સૂર પુરાવ્યો હતો. કે સુરતને 250માંથી 175 સીટ મળવી જ જોઈએ. દરમિયાન સુરત મહાનગર પાલિકાની ચૂંટણી આવી જતા આ ચળવળ પર બ્રેક લાગી ગઈ હતી. પરંતુ સુરત મહાનગર પાલિકાના નવા નિમાયેલા શાસકોએ સરકારી ક્વોટાની 188 માંથી 70 ટકા પ્રમાણે 131 સીટ પર શહેર હિતની આ ઝુંબેશને આજરોજ સ્ટેન્ડિંગમાં મંજૂરીની મહોર મારી હતી.

**હવેથી લોકલ ક્વોટામાં વધુ 61 સ્થાનિક વિદ્યાર્થીઓને લાભ મળશે: સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલ**

સુરત મનપાની સ્થાયી સમિતીને ચેરમેન રાજન પટેલે જણાવ્યું હતું કે, સ્મીમેરમાં લોકલ ક્વોટાની મંજૂરી શાસકો દ્વારા અપાવાથી હવેથી સ્મીમેરમાં કુલ 250 બેઠક પૈકી 15 ટકા એટલે કે 38 બેઠક એનઆરઆઈ ક્વોટા, 10 ટકા એટલે કે 25 બેઠકો મેનેજમેન્ટ ક્વોટા માટે રહેશે. જ્યારે બાકીની 188 સરકારી ક્વોટાની બેઠકોમાંથી 131 બેઠક પર લોકલ ક્વોટામાં સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે. જેને પગલે સ્થાનિક વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ સ્મીમેરમાં પ્રવેશનો લાભ મળી શકશે.

**રાજ્ય સરકારની મંજૂરી મળતાં જ સ્મીમેરમાં વધેલા લોકલ ક્વોટાનો અમલ શરૂ કરાશે**

હાલમાં શહેરમાં અંદાજે 4,500 જેટલા તબીબો ઉપલબ્ધ હોવાનું માનવામાં આવે છે અને સરેરાશ બે હજાર નાગરિક દીઠ એક તબીબની સ્થિતિ છે. સ્થાનિક વિદ્યાર્થીઓને વધુ તક મળે તો ભવિષ્યમાં શહેરને વધુ તબીબો મળી શકે તેવા હેતુથી સ્મીમેર વહીવટી તંત્રે ક્વોટામાં ફેરફારની દરખાસ્ત તૈયાર કરી હતી.નવી વ્યવસ્થા મુજબ 250 બેઠકમાંથી 38 બેઠકો એનઆરઆઈ ક્વોટા, 25 બેઠક મેનેજમેન્ટ ક્વોટા અને 188 ગવર્નમેન્ટ ક્વોટા રહેશે. ગવર્નમેન્ટ ક્વોટાની બેઠકોમાંથી અત્યાર સુધી સ્થાનિક વિદ્યાર્થીઓને મળતી 70 બેઠક વધારીને હવે 131 કરવામાં આવશે. સ્થાયી સમિતિ દ્વારા આ દરખાસ્તને મંજૂરી મળતા સુરતના વિદ્યાર્થીઓ માટે મેડિકલ શિક્ષણના ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય માનવામાં આવી રહ્યો છે.

**દાયકા પછી સીટ વધારનારા શાસકોનો ખૂબ આભાર: ડો. હિરલ શાહ**

સ્મીમેર હોસ્પિટલની શરૂઆત વર્ષ-2001માં 100 એમબીબીએસ બેઠકો સાથે થઈ હતી. તે સમયે 15 બેઠક એનઆરઆઈ ક્વોટા, 10 બેઠકો મેનેજમેન્ટ ક્વોટા અને બાકીની 75 બેઠકો સ્થાનિક વિદ્યાર્થીઓ માટે અનામત હતી. ત્યારબાદ કોલેજનો સતત વિકાસ થયો અને બેઠકોની સંખ્યા 250 સુધી પહોંચી, પરંતુ લોકલ ક્વોટામાં વધારો ન થતાં સુરતના વિદ્યાર્થીઓને સૌથી વધુ નુકસાન સહન કરવું પડતું હતું. બે દાયકા પછી સીટ વધારીને 131 કરી તે માટે શાસકોનો ખૂબ આભાર.

-ડો.હિરલ શાહ, સુરત મેડિકલ કન્સલ્ટન્ટ એસોસિએશન

### કોઇ અધિકારીની...

આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ ફેક્ટરીનું લાયસન્સ અગાઉથી જ રદ થઈ ચૂક્યું હોવા છતાં ત્યાં કામગીરી ચાલુ હતી. હવે પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે લાયસન્સ રદ થયા બાદ પણ ફેક્ટરી કેવી રીતે ચાલુ રહી, તેમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું હતું અને કોઈ અધિકારીની બેદરકારી કે સાંઠગાંઠ હતી કે નહીં. પકડાયેલા ત્રણેયની હાલ સઘન પૂછપરછ ચાલી રહી છે. તપાસમાં સામે આવતી વિગતોના આધારે તેમની સત્તાવાર ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બીજી તરફ આ ગંભીર દુર્ઘટનાને પગલે રાજ્ય સરકારે પણ સમગ્ર ઘટનાની સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાના કારણો, જવાબદારી અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ અટકાવવા માટે કડક પગલાં અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

# હજીરામાં રૂમ પાર્ટનરની હત્યા કેસમાં આજીવન કેદની સજા

**રૂમ** પાર્ટનરને માથામાં ગેસનો બાટલો ફટકારી હત્યા કરી હતી

સુરતઃ હજીરા ગામ માતા ફળિયામા ભાડે રહેતાં બિહારનાં વતની શ્રમજીવીએ સાથે રહેતાં રૂમ પાર્ટનરને ગેસનો બાટલો માથામાં ફટકારી કરેલી હત્યા કેસમાં આરોપીને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ બનાવ ફેબ્રુઆરી ૨૦૨૪મા હજીરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

આ બનાવ અંગેની ફરિયાદ મકાન માલિક બાલુ રતનજી પટેલે આપી હતી. ફરિયાદી પર મુતક રામનાથ પાસવાનના પુત્ર મિથીલેષનો ફોન આપ્યો હતો કે તેનાં પિતા બે દિવસથી ફોન ઉપાડતાં નથી. જેથી ફરિયાદી રુમ પર જતાં રુમને બહારથી તાળું હતુ, અંદર કોઈક પડ્યું હતું અને રુમમાંથી દુર્ગંધ આવતી હતી. આ અંગે પોલીસને જાણ કરાતાં પોલીસે તપાસ કરતાં રામનાથની લાશ મળી આવી હતી. લાશ પાસેથી ગેસનો બાટલો મળી આવ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન રુમ પાર્ટનર રામસુદર ગુરૂચરણ યાદવે આ હત્યા કરી હોવાનું ખુલ્યું હતું. આરોપી રામસુદરે આ કેસનાં તેના મિત્ર એક સાક્ષીને ફોન કરીને આ હત્યા કરી હોવાનું જણાવ્યું હતું. જેમા આરોપીએ કહ્યું હતું કે મરનાર નોનવેજ ખાઈને આવતો હોવાથી ઝધડો થતો હતો જેથી મુતક સુતો હતો ત્યારે માથામાં ગેસનો બાટલો ફટકારી હત્યા કરી હતી. પોલીસે આરોપી રામસુદરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે કુલ ૩૪ સાહેદો તપાસવામાં આવ્યા, જેમા સૌથી મહત્વનો પુરાવો આરોપીએ પોતાના મિતને ફોન પર કરેલી બાહ્ય ન્યાયિક કબૂલાત રહી હતી. આ સાથે અન્યો પુરાવા રજુ કરાયા હતા. ફરિયાદ પક્ષે સરકારી વકીલ એ પી વસોયા કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં.